ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક : સીએસકે-૧૦૨૦૧૫-એસએફ-૩-વિ.-૫

સચિવાલય, ગાંધીનગર.

તા.૦૮/૦૭/૨૦૧૬

**ઠરાવ:-**

સાયબર ક્રાઈમ સામે સુરક્ષા હેતુસર ગૃહ વિભાગના સમાન ક્રમાંકના તા.30/03/૨૦૧૪, તા.૦૬/૦૮/૨૦૧૪, તા. ૦૫/૦૯/૨૦૧૪ અને તા.૧૩/૧૦/૨૦૧૪ના ઠરાવથી સાયબર સુરક્ષા કવચના અમલીકરણની જોગવાઈ કરવામાં આવેલ છે. સાયબર સુરક્ષા કવચ યોજનાને વધુ અસરકારક બનાવી શકાય તેની વિચારણા કરવાના હેતુસર ગૃહ વિભાગના તા.૦૯/૧૨/૨૦૧૫ના સમાન ક્રમાંકના ઠરાવથી પોલીસ મહાનિર્દેશક, સી.આઈ.ડી. (ક્રાઈમ અને રેલ્વે)ના અધ્યક્ષપણા હેઠળ એક કમિટિની રચના કરવામાં આવેલ હતી. આ કમિટિએ રજુ કરેલ ભલામણ/અહેવાલ ધ્યાને લઈને, પુખ્ત વિચારણાના અંતે, સાયબર સુરક્ષા કવચ અંગેના ગૃહ વિભાગના તા.30/03/૨૦૧૪, તા.૦૬/૦૮/૨૦૧૪, તા.૦૫/૦૯/૨૦૧૪ અને તા.૧૩/૧૦/૨૦૧૪ના ઠરાવ રદ કરીને, નીચે જણાવ્યા મુજબ સાયબર સુરક્ષા કવચ અમલમાં મુકવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. સાયબર સુરક્ષા કવચ અધિક પોલીસ મહાનિદેશક/પોલીસ મહાનિરીક્ષકની લીડરશીપ હેઠળ કાર્યરત થશે, જેના માળખામાં (૧) સાયબર ઈન્ટેલિજન્સ વિંગ (૨) સાયબર ક્રાઈમ વિંગ (૩) એડમિનિસ્ટ્રેટિવ વિંગ અને (૪) ટેકનિકલ વિંગ એમ કુલ ૪ (ચાર) ટીમ (wing) રહેશે. જે ૪(ચાર) ટીમની મુખ્ય કામગીરી નીચે મુજબની રહેશે.

- સાયબર ઈન્ટેલિજન્સ ટીમ (wing) નાયબ પોલીસ મહાનિરિક્ષકના હાથ હેઠળ કાર્યરત થશે. જેની મુખ્ય કામગીરી ડીજિટલ ઈન્ટેલિજન્સ એકત્રીકરણ, પૃથ્થકરણ તથા શેરીંગ કરવાની રહેશે.
- સાયબર ક્રાઈમ વિંગ નાયબ પોલીસ મહાનિરિક્ષકના હાથ હેઠળ કાર્યરત થશે. જેની મુખ્ય કામગીરી મહત્વના સાયબર ગુનાઓની તપાસ કરવાની રહેશે.
- એડમિનિસ્ટ્રેટિવ વિંગ પોલીસ અધિક્ષકના હાથ હેઠળ કાર્યરત થશે. જે મુખ્યત્વે વહીવટી બાબતો, તાલીમ તથા કાયદાકીય બાબતોની કામગીરી કરશે.
- ટેકનિકલ વિંગ પોલીસ અધિક્ષકના હાથ હેઠળ કાર્યરત થશે. જેની મુખ્ય કામગીરી સાયબર સુરક્ષા કવચ માટે સાયબર સુરક્ષા પોલીસી બનાવવી, સોફ્ટવેર

ડેવલપમેન્ટ તેમજ ટેકનીકલ કામગીરીને લગતી તમામ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની દેખરેખ અને નિભાવણી કરવાની રહેશે.

૩. સાયબર સુરક્ષા કવચની મુખ્ય કામગીરી (૧) સાયબર ગુનાઓ અને સાયબર સંબંધિત જોખમો અટકાવવા, તેની તપાસ, તે સબંધમાં કામ ચલાવવું અને આવા ગુના/જોખમો સામે પ્રતિભાવની કામગીરી કરવી. (૨) આ દર્શાવેલ હેતુ માટે પોલીસદળને સુશિક્ષિત કરવા તથા તેમનામાં ક્ષમતા નિર્માણ કરવા માટે કામગીરી કરવી. (૩) સાયબરને લગતા ગુનાઓ ઉકેલવા તથા અટકાવવા માટે કાર્યરત સ્ટાફને આગોતરી માહિતી મેળવવા માટે તથા વિશેષ કૌશલ્યો વિકસાવી, આવા ગુનાઓની તપાસમાં કુશળ બનાવવાની બાબતને ખાસ મહત્વ આપવાનું રહેશે.

૪. સાયબર સુરક્ષા કવચની સાયબર ઈન્ટેલીજન્સ વિંગ ઉપર અધિક પોલીસ મહાનિર્દેશક, સી.આઈ.ડી., ઈન્ટેલીજન્સ અને સાયબર ક્રાઈમ વિંગ ઉપર અધિક પોલીસ મહાનિર્દેશક, સી.આઈ.ડી. ક્રાઈમની દેખરેખ રહેશે અને રાજ્ય સ્તરે સી.આઈ.ડી.- આઈબી અને સી.આઈ.ડી. ક્રાઈમના માળખા સાથે જરૂરી સંકલન અને સહયોગ સાથે કામ થાય તે માટે જરૂરી સહક્રિયતા (Synergy) સ્થાપવા માટે આ વ્યવસ્થાનો ઉપયોગ કરવામાં આવશે. સાયબર સુરક્ષા કવચ પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીની દેખરેખ હેઠળ કામગીરી કરશે અને સમયાંતરે આ તમામ કામગીરીનો રિવ્યુ અધિક મુખ્ય સચિવ, ગૃહ વિભાગ દ્વારા કરવામાં આવશે.

૫. સાયબર સુરક્ષા કવચનું મહેકમ કુલ ૧૧૦નું રહેશે. અગાઉ સાયબર સુરક્ષા કવચ કાર્યરત કરવા માટે સી.આઈ.ડી. ક્રાઈમની કચેરીમાં કુલ ૧૨(બાર)ના મહેકમ સહિત જે સાયબર ક્રાઈમ સેલ ઉભું કરવામાં આવેલ છે, તે ઉપરાંત વધારાનું ૯૮નું પોલીસ મહેકમની જગ્યા તેમજ ૨૦નું ટેકનિકલ મહેકમ ઉભું કરવામાં આવશે. જેમાં પ્રથમ તબક્કે પોલીસ મહેકમ ૪૦નું અને ત્યાર બાદ બીજા તબક્કામાં ૩૮નું ઉભું કરવાનું ઠરાવવામાં આવે છે.

નવું મહેકમ કાર્યરત થાય તે દરમ્યાન હાલના પોલીસ દળમાંથી આ કામગીરીની જાણકારી ધરાવતા અધિકારીઓ/કર્મચારીઓની બદલી કરી તેમને સાયબર સુરક્ષા કવચમાં નિમણુંક આપી, ફેઝ-૧ની કામગીરી સત્વરે કાર્યરત કરવાની રહેશે.

સાયબર સુરક્ષા કવચને ***GFSU, RSU*** જેવી સંસ્થાઓ સાથે પણ લાયઝન રાખી કામગીરી સીધી અને સરળ રીતે થાય તે માટે આવા પ્રકારની સંસ્થાઓ સાથે એમ.ઓ.યુ. કરવા માટે ગૃહ વિભાગની મંજુરી મેળવવાની રહેશે.

જ્યારે ટેકનિકલ સ્ટાફ માટે નિષ્ણાંત વ્યક્તિઓની ભરતી કરવા માટે સામાન્ય વહીવટ વિભાગ અને નાણાં વિભાગની મંજુરી મેળવીને ભરતી પ્રક્રિયા હાથ ધરવાનું ઠરાવવામાં આવે

છે. આ ટેકનિકલ સ્ટાફની ભરતી માટે નીચે જણાવ્યા મુજબની સમિતિનું ગઠન કરવામાં આવે છે. જે સમિતી સાયબર સુરક્ષા કવચ માટે અનુરુપ તજજ્ઞોની ભરતી કરશે.

(૧) અધિક મુખ્ય સચિવ, ગૃહ - અધ્યક્ષ

(૨) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી - સભ્ય

(૩) પોલીસ મહાનિર્દેશક/અધિક પોલીસ મહાનિર્દેશક, ઈન્ટે. - સભ્ય

(૪) અધિક પોલીસ મહાનિર્દેશક - ATS - સભ્ય

(૫) સચિવ/અગ્ર સચિવ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ - સભ્ય

(૬) નાયબ/સંયુક્ત/અધિક સચિવ (કા. અને વ્ય.) - સભ્ય સચિવ

૬. સાયબર સુરક્ષા કવચ માટે ઓફીસ બિલ્ડીંગ, ફોરેન્સીક લેબોરેટરી, વેબસાઈટ, ટ્રેઈનિંગ બિલ્ડીંગની વિગેરે આંતરમાળખાકીય સુવિધાની આવશ્યકતા રહે છે. આ અંગે પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીની પાસે હાલમાં કેટલી આંતરમાળખાકીય સુવિધા ઉપલબ્ધ છે અને ખરેખર કેટલી જરૂરીયાતો છે, તે અંગે વિગતવાર દરખાસ્ત પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી પાસેથી મળ્યા બાદ યોગ્ય તે નિર્ણય કરવાનું ઠરાવવામાં આવે છે.

૭. સાયબર સુરક્ષા કવચની અસરકારક કામગીરી વ્યવસ્થિતપણે હાથ ધરાય તે માટે નિયત કાર્યપધ્ધતિ (SOP) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીએ બનાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે.

(વિજય બધેકા)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

(૧) સચિવ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિર્દેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારી, પોલીસ ભવન, ગાંધીનગર.

(૩) પોલીસ મહાનિર્દેશકશ્રી(ઈન્ટે.), પોલીસ ભવન, ગાંધીનગર.

(૪) પોલીસ મહાનિર્દેશકશ્રી(ક્રાઈમ અને રેલ્વે), પોલીસ ભવન, ગાંધીનગર.

(૫) અધિક પોલીસ મહાનિદેશક એ.ટી.એસ., અમદાવાદ.

(૬) સર્વે અધિક પોલીસ મહાનિદેશકશ્રી, પોલીસ ભવન, ગાંધીનગર.

(૭) નિયામક ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી, ગાંધીનગર.

(૮) સર્વે પોલીસ કમિશનરશ્રી.

(૯) સર્વે રેન્જ આઈ.જી.

(૧૦) સર્વે પોલીસ અધિક્ષકશ્રી.

(૧૧) સિલેક્ટ ફાઈલ.